# દુઆએ જવશને કબીર

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …

*www.hajinaji.com*

• Like us on Facebook •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@gmail.com

# દુઆએ જવશને કબીર

જે કોઇ ખુલૂસ નિય્યત સાથે આ દુઆને પહેલી માહે રમઝાનના પઢે તો અલ્લાહતઆલા શબે કદ્રને તેના નસીબમાં લખે છે, તેના માટે સિત્તેર હજાર ફરિશ્તાઓ પૈદા કરે છે કે જેઓ અલ્લાહની તસ્બીહ અને તકદીસ કરે છે અને આ બધાનો સવાબ આ પઢનાર માટે છે.

જે કોઇ આ દુઆને માહે રમઝાનમાં ત્રણ વખત પઢે તો અલ્લાહતઆલા તે પઢનારના શરીરને જહન્નમની આગ ઉપર હરામ કરે છે,

તેના માટે જન્નત વાજિબ કરી આપે છે, બે ફરિશ્તાઓને મુકર્રર કરે છે કે આ બંને તેને ગુનાહોથી બચાવે, અને તેની આખી જિંદગી દરમ્યાન અલ્લાહતઆલાની હિફાઝતમાં રહેશે.

રિવાયતમાં આ દુઆની ઘણી ફઝીલત બયાન કરવામાં આવેલ છે; જે કોઇ આ દુઆએ જવશને કબીરને પોતાના કફન ઉપર લખે તો અલ્લાહતઆલા તેને જહન્નમની આગથી અઝાબ નહિ કરે; ઇમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે મને મારા વાલીદ હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.)એ વસીય્યત કરી છે કે

આ દુઆને સાંચવું અને એહતેરામ કરૂં, તેમના કફન ઉપર લખું, પોતાના ઘરવાળાઓને જલ્દી તાલીમ આપું; અને આ હજાર નામો છે અને તેમાં ઇસમે અઅઝમ છે.

જે ઘરમાં આ દુઆ હશે તે ચોરી થવાથી અને બળી જવાથી મહફુઝ રહેશે. આ દુઆ પઢનારની બંને જહાનની આશાઓ પૂરી થશે. અને ગમે તેવી બિમારી ઉપર ખાલિસ નિય્યતથી આ દુઆ પઢનારને ખુદાના હુકમથી શિફા મળશે ભલે તે બિમારી કોઢની હોય.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

(1)

اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡئَلُكَ بِاسۡمِكَ يَا اَللّٰهُ يَا

رَحۡمٰنُ يَا رَحِيۡمُ يَا كَرِيۡمُ يَا مُقِيۡمُ

يَا عَظِيۡمُ يَا قَدِيۡمُ يَا عَلِيۡمُ يَا حَلِيۡمُ يَا

حَكِيمُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! ખરેખર હું સવાલ કરૂં છું તારી પાસે તારા નામ સાથે, અય અલ્લાહ, અય બક્ષનાર, અય દયા કરનાર, અય મહેરબાની કરનાર, અય કાયમ, અય મહાન, અય હંમેશાથી રહેનાર, અય જ્ઞાની, અય સહનશીલ, અય હિકમતવાળા, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને

જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(2)

يَا سَيِّدَ السَّادَاتِ يَا مُجِيْبَ الدَّعَوَاتِ يَا رَافِعَ الدَّرَجَاتِ يَا وَلِيَّ الْحَسَنَاتِ يَا غَافِرَ الْخَطِيْئَاتِ يَا مُعْطِيَ الْمَسْأَلَاتِ يَا قَابِلَ التَّوْبَاتِ يَا سَامِعَ الْأَصْوَاتِ يَا عَالِمَ

الْخَفِيَّاتِ يَا دَافِعَ الْبَلِيَّاتِ سُبْحَانَكَ يَا

لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ

النَّارِ يَا رَبِّ

અય સરદારોના સરદાર, અય દુઆઓને કબૂલ કરનાર, અય દરજ્જાને બુલંદ કરનાર, અય નેકીઓના માલિક, અય ગુનાહોને માફ કરનાર, અય માંગનારને આપનાર, અય તોબાને કબૂલ કરનાર, અય અવાજોને સાંભળનાર, અય છુપી વાતોને જાણનાર, અય બલાઓને દફે કરનાર,

અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(3)

يَا خَيْرَ الْغافِرِيْنَ يَا خَيْرَ الْفَاتِحِيْنَ يَا خَيْرَ النَّاصِرِيْنَ يَا خَيْرَ الْحَاكِمِيْنَ يَا خَيْرَ الرَّازِقِيْنَ يَا خَيْرَ الْوَارِثِيْنَ يَا خَيْرَ

الْحَامِدِيْنَ يَا خَيْرَ الذَّاكِرِيْنَ يَا خَيْرَ

الْمُنْزِلِيْنَ يَا خَيْرَ الْمُحْسِنِيْنَ سُبْحَانَكَ

يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا

مِنَ النَّارِ يَا رَبِّ

અય બહેતરીન બક્ષનાર, અય બહેતરીન ફતેહ કરનાર, અય બહેતરીન મદદ કરનાર, અય બહેતરીન હુકમ કરનાર, અય બહેતરીન રોઝી આપનાર, અય બહેતરીન વારેસ, અય બહેતરીન વખાણ કરનાર, અય બહેતરીન ઝિક્ર

કરનાર, અય બહેતરીન નાઝિલ કરનાર, અય બહેતરીન એહસાન કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(4)

يَا مَنْ لَّهُ الْعِزَّةُ وَالْجَمَالُ يَا مَنْ لَّهُ
الْقُدْرَةُ وَالْكَمَالُ يَا مَن لَّهُ الْمُلْكُ

وَالْجَلَالُ يَا مَنْ هُوَ الْكَبِيْرُ الْمُتَعَالُ يَا

مُنْشِئَ السَّحَابِ الثِّقَالِ يَا مَنْ هُوَ

شَدِيْدُ الْمِحَالِ يَا مَنْ هُوَ سَرِيْعُ

الْحِسَابِ يَا مَنْ هُوَ شَدِيْدُ الْعِقَابِ يَا مَنْ

عِنْدَهُ حُسْنُ الثَّوَابِ يَا مَنْ عِنْدَهُ اُمُّ

الْكِتَابِ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય એ કે તારી માટે ઇઝ્ઝત અને ખુબસુરતી છે, અય એ કે તારી માટે કુદરત અને કમાલ છે, અય એ કે તારી માટે મૂલ્ક અને બુઝુર્ગી છે, અય એ કે તું બુઝુર્ગ (અને) મોટા મરતબાવાળો છે, અય ભારે ભારે વાદળોને પેદા કરનાર, અય એ કે જે સર્વેથી બહુ જ તાકતવાળો છે, અય એ કે જે ઝડપથી હિસાબ લેનાર છે, અય એ કે જે સખ્ત અઝાબ કરનાર છે, અય એ કે જેની પાસે ઉમદામાં ઉમદા સવાબ છે, અય એ કે જેની પાસે ઉમ્મુલ (અસલ) કિતાબ છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો

પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(5)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا حَنَّانُ يَا
مَنَّانُ يَا دَيَّانُ يَا بُرْهَانُ يَا سُلْطَانُ يَا
رِضْوَانُ يَا غُفْرَانُ يَا سُبْحَانُ يَا
مُسْتَعَانُ يَا ذَا الْمَنِّ وَالْبَيَانِ سُبْحَانَكَ

يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا

مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય મહેરબાન, અય એહસાન કરનાર, અય બદલો આપનાર, અય સ્પષ્ટ દલીલ, અય બાદશાહ, અય ખુશ કરનાર, અય બક્ષનાર, અય પાકો પાકીઝા, અય સહાયક, અય નેઅમત અને બયાનના સાહેબ, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની

ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(6)

يَا مَنْ تَوَاضَعَ كُلُّ شَيْءٍ لِعَظَمَتِهِ يَا مَنِ
اسْتَسْلَمَ كُلُّ شَيْءٍ لِقُدْرَتِهِ يَا مَنْ ذَلَّ كُلُّ
شَيْءٍ لِعِزَّتِهِ يَا مَنْ خَضَعَ كُلُّ شَيْءٍ لِهَيْبَتِهِ
يَا مَنِ انْقَادَ كُلُّ شَيْءٍ مِّنْ خَشْيَتِهِ يَا مَنْ
تَشَقَّقَتِ الْجِبَالُ مِنْ مَخَافَتِهِ يَا مَن

قَامَتِ السَّمَاوَاتُ بِاَمْرِهِ يَا مَنِ اسْتَقَرَّتِ

الْأَرَضُوْنَ بِاِذْنِهِ يَا مَنْ يُسَبِّحُ الرَّعْدُ

بِحَمْدِهِ يَا مَنْ لَا يَعْتَدِيْ عَلَى اَهْلِ مَمْلَكَتِهِ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ

خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ખુદા કે જે પોતાની બુઝુર્ગીને કારણે દરેક ચીઝ પર ગાલિબ છે, અય તે ખુદા કે જેની કુદરતે કામેલાથી દરેક ચીઝ સલામતી સાથે બાકી છે, અય તે ખુદા કે જેની બુઝુર્ગીની

સામે દરેક ચીઝ ઝલીલ અને હકીર છે, અય તે ખુદા કે જેની હૈબત અને ડરથી દરેક ચીઝ આજિઝ છે, અય તે ખુદા કે જેના ખૌફથી દરેક ચીઝ તેની તાબેદાર છે, અય તે ખુદા કે જેના ખૌફથી પહાડો પણ ફાટી જાય છે, અય તે ખુદા કે જેના હુકમથી આસમાન કાયમ છે, અય તે ખુદા કે જેના હુકમથી જમીન સ્થિર છે, અય તે ખુદા કે જેની તસ્બીહ  ફરિશ્તએ રાદ (વીજળી પર કાબૂ ધરાવનાર ફરિશ્તાઓ) હમ્દની સાથે કરે છે, અય તે ખુદા કે જે પોતાના બંદાઓમાંથી કોઇ પર ઝુલ્મ નથી કરતો, અય તે કે જેની

સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(7)

يَا غَافِرَ الْخَطَايَا يَا كَاشِفَ الْبَلَايَا يَا مُنْتَهَى الرَّجَايَا يَا مُجْزِلَ الْعَطَايَا يَا وَاهِبَ الْهَدَايَا يَا رَازِقَ الْبَرَايَا يَا قَاضِيَ

الْمُنَا يَا يَا سَامِعَ الشَّكَا يَا يَا بَاعِثَ

الْبَرَايَا يَا مُطْلِقَ الْأُسَارٰى سُبْحَانَكَ يَا

لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ

النَّارِ يَا رَبِّ

અય ખતાઓને માફ કરનાર, અય બલાઓને દૂર કરનાર, અય ઉમ્મીદોના અંત, અય બક્ષિશોને પૂરી કરનાર, અય નેઅમતોને અતા કરનાર, અય તમામ મખ્લુકને રોઝી આપનાર, અય બંદાઓના હાકિમ, અય ફરિયાદોને

સાંભળનાર, અય મખ્લુકને જીવિત કરનાર, અય કેદીઓને કૈદથી મુક્ત કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(8)

يَا ذَا الْحَمْدِ وَالثَّنَاءِ يَا ذَا الْفَخْرِ وَالْبَهَاءِ

يَا ذَا الْمَجْدِ وَالسَّنَاءِ يَا ذَا الْعَهْدِ وَالْوَفَاءِ

يَا ذَا الْعَفْوِ وَالرِّضَاءِ يَا ذَا الْمَنِّ وَالْعَطَاءِ

يَا ذَا الْفَضْلِ وَالْقَضَاءِ يَا ذَا الْعِزِّ وَالْبَقَاءِ

يَا ذَا الْجُودِ وَالسَّخَاءِ يَا ذَا الْآلَاءِ

وَالنَّعْمَاءِ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય હમ્દો સનાના માલિક, અય ફખ્રો બુઝુર્ગીના સાહેબ, અય ઈઝ્ઝતો રિફઅતને લાયક, અય વાયદા અને વફાના સાહેબ, અય બક્ષિશો

ખુશનુદીના સાહેબ, અય એહસાનો અતાના માલિક, અય ફઝીલતોના સાહેબ અને હક ફેંસલો કરનાર, અય બુલંદી અને હંમેશગીના સાહેબ, અય બક્ષિશો સખાવતના માલિક, અય કસીર નેઅમતોના સાહેબ, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(9)

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْئَلُكَ بِاسْمِكَ يَا مَانِعُ يَا

دَافِعُ يَا رَافِعُ يَا صَانِعُ يَا نَافِعُ يَا سَامِعُ

يَا جَامِعُ يَا شَافِعُ يَا وَاسِعُ يَا مُوْسِعُ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય આફતોને રોકનાર, અય બલાઓને દૂર કરનાર, અય

દરજજાતને બુલંદ કરનાર, અય દરેક ચીઝને પૈદા કરનાર, અય નફો પહોંચાડનાર, અય ફરિયાદોને સાંભળનાર, અય જમા કરનાર, અય શફાઅત કરનાર, અય ખુબજ બક્ષનાર, અય નેઅમતોમાં વધારો કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(10)

يَا صَانِعَ كُلِّ مَصْنُوْعٍ يَّا خَالِقَ كُلِّ
مَخْلُوْقٍ يَا رَازِقَ كُلِّ مَرْزُوْقٍ يَا مَالِكَ كُلِّ
مَمْلُوْكٍ يَا كَاشِفَ كُلِّ مَكْرُوْبٍ يَا فَارِجَ كُلِّ
مَهْمُوْمٍ يَا رَاحِمَ كُلِّ مَرْحُوْمٍ يَا نَاصِرَ كُلِّ
مَخْذُوْلٍ يَا سَاتِرَ كُلِّ مَعْيُوْبٍ يَا مَلْجَاَ كُلِّ
مَطْرُوْدٍ سُبْحَانَكَ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ
اَلْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય દરેક ચીઝને બનાવવનાર, અય દરેક મખ્લુકને પૈદા કરનાર, અય રોઝી હાંસિલ કરનારાઓને રોઝી આપનાર, અય દરેક બંદાના માલિક, અય દરેક સખ્તીને દફે કરનાર, અય દરેક ગમઝદાને ખુશ કરનાર, અય રહેમ કરવાને લાયક પર રહેમ કરનાર, અય દરેક ઝલીલો ખ્વારની મદદ કરનાર, અય દરેક ઐબદારોના ઐબને છુપાવનાર, અય દરેક કાઢી મૂકવામાં આવેલાને પનાહ આપનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને

પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(11)

يَا عُدَّتِيْ عِنْدَ شِدَّتِيْ يَا رَجَائِيْ عِنْدَ مُصِيْبَتِيْ يَا مُؤْنِسِيْ عِنْدَ وَحْشَتِيْ يَا صَاحِبِيْ عِنْدَ غُرْبَتِيْ يَا وَلِيِّيْ عِنْدَ نِعْمَتِيْ يَا غِيَاثِيْ عِنْدَ كُرْبَتِيْ يَا دَلِيلِيْ

عِنْدَ حَيْرَتِيْ يَا غِنَائِيْ عِنْدَ افْتِقَارِيْ يَا

مَلْجَئِيْ عِنْدَ اضْطِرَارِيْ يَا مُعِيْنِيْ عِنْدَ

مَفْزَعِيْ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ اَلْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય દરેક સખ્તીમાં મારો આધાર, અય દરેક મુસીબતમાં મારી ઉમ્મીદગાહ, અય તન્હાઈમાં મારા મુનીસ, અય મારા સફરમાં મારા સાથી, અય મારા આરામના સમયે મારા દોસ્ત, અય મારી સખ્તીઓમાં મારી ફરિયાદે પહોંચનાર,

અય મારી ગુમરાહીમાં મારા રહનુમા, અય જરૂરતના સમયે મારી જરૂરતને પૂરી કરનાર, અય પરેશાનીના સમયે મારી પનાહની જગ્યા, અય ખૌફના સમયે મારા મદદગાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(12)

يَا عَلَّامَ الْغُيُوْبِ يَا غَفَّارَ الذُّنُوْبِ يَا

سَتَّارَ الْعُيُوْبِ يَا كَاشِفَ الْكُرُوْبِ يَا

مُقَلِّبَ الْقُلُوْبِ يَا طَبِيْبَ الْقُلُوْبِ يَا مُنَوِّرَ

الْقُلُوْبِ يَا اَنِيْسَ الْقُلُوْبِ يَا مُفَرِّجَ

الْهُمُوْمِ يَا مُنَفِّسَ الْغُمُوْمِ سُبْحَانَكَ يَا

لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ

النَّارِ يَا رَبِّ

અય છુપી બાબતોના જાણનાર, અય ગુનાહોના બક્ષનાર, અય ઐબોને છુપાવનાર, અય ગમોને દફે કરનાર, અય દિલોને ફેરવનાર, અય દિલોની દવા કરનાર, અય દિલોને રોશન કરનાર, અય દિલોના અનીસ, અય રંજોને દૂર કરનાર, અય ગમોને દૂર કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(13)

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْـَٔلُكَ بِاسْمِكَ يَا جَلِيْلُ يَا

جَمِيْلُ يَا وَكِيْلُ يَا كَفِيْلُ يَا دَلِيْلُ يَا

قَبِيْلُ يَا مُدِيْلُ يَا مُنِيْلُ يَا مُقِيْلُ يَا

مُحِيْلُ سُبْحَانَكَ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ

اَلْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય બુઝુર્ગવાર, અય નેક કાર્યો કરનાર, અય હિફાઝત કરનાર, અય

બક્ષનાર, અય રહનુમા, અય રોઝીના ઝામીન, અય નેઅમત આપનાર, અય દૌલત આપનાર, અય માફ કરનાર, અય કુવ્વત આપનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(14)

يَا دَلِيْلَ الْمُتَحَيِّرِيْنَ يَا غِيَاثَ

الْمُسْتَغِيْثِيْنَ يَا صَرِيْخَ الْمُسْتَصْرِخِيْنَ

يَا جَارَ الْمُسْتَجِيْرِيْنَ يَا اَمَانَ الْخَائِفِيْنَ

يَا عَوْنَ الْمُؤْمِنِيْنَ يَا رَاحِمَ الْمَسَاكِيْنَ

يَا مَلْجَأَ الْعَاصِيْنَ يَا غَافِرَ الْمُذْنِبِيْنَ

يَا مُجِيْبَ دَعْوَةِ الْمُضْطَرِّيْنَ سُبْحَانَكَ يَا

لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ

النَّارِ يَا رَبِّ

અય ભટકેલાઓના રહનુમા, અય ફરિયાદ કરનારની ફરિયાદે પહોંચનાર, અય ફરિયાદ કરનારની ફરિયાદ સાંભળનાર, અય મદદ માંગનારની મદદ કરનાર, અય ડરેલાને અમાન આપનાર, અય મોઅમીનોના મદદગાર, અય મિસ્કીનો ઉપર રહેમ કરનાર, અય નાફરમાનોની પનાહગાહ, અય ગુનેહગારોને બક્ષનાર, અય પરેશાન લોકોની દુઆઓને

કબૂલ કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(15)

يَا ذَا الْجُوْدِ وَالْاِحْسَانِ يَا ذَا الْفَضْلِ وَالْاِمْتِنَانِ يَا ذَا الْأَمْنِ وَالْأَمَانِ يَا ذَا الْقُدْسِ وَالسُّبْحَانِ يَا

ذَا الْحِكْمَةِ وَالْبَيَانِ يَا ذَا الرَّحْمَةِ

وَالرِّضْوَانِ يَا ذَا الْحُجَّةِ وَالْبُرْهَانِ يَا

ذَا الْعَظَمَةِ وَالسُّلْطَانِ يَا ذَا الرَّأْفَةِ

وَالْمُسْتَعَانِ يَا ذَا الْعَفْوِ وَالْغُفْرَانِ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય બક્ષિશ અને અહેસાનના સાહેબ, અય

ફઝલ અને નેઅમત આપવાના સાહેબ, અય

અમન અને અમાનના સાહેબ, અય પાક અને પાકીઝગીના સાહેબ, અય હિકમત અને ચીઝોને જાહેર કરનારના સાહેબ, અય રહેમત અને ખુશનુદ કરનારના સાહેબ, અય દલીલ અને રોશનના સાહેબ, અય અઝમત અને બાદશાહીના સાહેબ, અય રહેમ અને મદદ કરનારના સાહેબ, અય માફી અને બક્ષીશના સાહેબ, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને

જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(16)

يَا مَنْ هُوَ رَبُّ كُلِّ شَيْءٍ يَا مَنْ هُوَ اِلٰهُ كُلِّ
شَيْءٍ يَّا مَنْ هُوَ خَالِقُ كُلِّ شَيْءٍ يَا مَنْ هُوَ
صَانِعُ كُلِّ شَيْءٍ يَا مَنْ هُوَ قَبْلَ كُلِّ شَيْءٍ يَّا
مَنْ هُوَ بَعْدَ كُلِّ شَيْءٍ يَا مَنْ هُوَ فَوْقَ كُلِّ
شَيْءٍ يَّا مَنْ هُوَ عَالِمٌ بِكُلِّ شَيْءٍ يَا مَنْ هُوَ

قَادِرٌ عَلَى كُلِّ شَيْءٍ يَا مَنْ هُوَ يَبْقَى وَيَفْنَى

كُلُّ شَيْءٍ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે કે જે દરેક ચીઝનો પાળનાર છે, અય તે કે જે દરેક ચીઝનો માઅબુદ છે, અય તે કે જે દરેક ચીઝનો પૈદા કરનાર છે, અય તે કે જે દરેક ચીઝને બનાવનાર છે, અય તે કે જે દરેક ચીઝની પહેલા છે, અય તે કે જે દરેક ચીઝની પછી રહેશે, અય તે કે જે દરેક ચીઝથી બરતર

છે, અય તે કે જે દરેક ચીઝનો જાણનાર છે, અય તે કે જે દરેક ચીઝ પર કુદરત ધરાવે છે, અય તે ખુદા કે જે બાકી રહેનાર છે અને દરેક ચીઝ ફના થનારી છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(17)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا مُؤْمِنُ يَا

مُهَيْمِنُ يَا مُكَوِّنُ يَا مُلَقِّنُ يَا مُبَيِّنُ يَا

مُهَوِّنُ يَا مُمَكِّنُ يَا مُزَيِّنُ يَا مُعْلِنُ يَا

مُقَسِّمُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય અમનો અમાન આપનાર, અય નિગેહબાન, અય પૈદા કરનાર,

અય ઇલ્મ આપનાર, અય જાહેર કરનાર, અય આસાન કરનાર, અય જગ્યા આપનાર, અય ઝીન્નત આપનાર, અય એલાન કરનાર, અય વહેંચનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(18)

يَا مَنْ هُوَ فِيْ مُلْكِهِ مُقِيْمٌ يَا مَنْ هُوَ فِيْ

سُلْطَانِهِ قَدِيْمٌ يَا مَنْ هُوَ فِيْ جَلَالِهِ

عَظِيْمٌ يَا مَنْ هُوَ عَلَى عِبَادِهِ رَحِيْمٌ يَا مَنْ

هُوَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ يَا مَنْ هُوَ بِمَنْ

عَصَاهُ حَلِيْمٌ يَا مَنْ هُوَ بِمَنْ رَجَاهُ كَرِيْمٌ

يَا مَنْ هُوَ فِيْ صُنْعِهِ حَكِيْمٌ يَا مَنْ هُوَ فِيْ

حِكْمَتِهِ لَطِيْفٌ يَا مَنْ هُوَ فِيْ لُطْفِهِ قَدِيْمٌ

سُبۡحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنۡتَ الۡغَوۡثَ

الۡغَوۡثَ خَلِّصۡنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે કે જે પોતાના મુલ્કમાં ઠહેરનાર છે, અય તે કે જે પોતાની બાદશાહીમાં કદીમ છે, અય તે કે જે પોતાની બુઝુર્ગીમાં મોટો છે. અય તે કે જે પોતાના બંદા ઉપર રહીમ છે, અય તે કે જે દરેક ચીઝને જાણનાર છે, અય તે કે જે ગુનેહગારો ઉપર ધીરજવાન છે. અય તે કે જે ઉમેદવારો ઉપર કરમ કરનાર છે, અય તે કે જે પોતાની કારીગરીમાં હકીમ છે, અય તે કે જે

પોતાની હિકમતમાં લુત્ફ કરનાર છે, અય તે કે જેનો લુત્ફ હંમેશાથી છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે.

અય પાલનહાર.

(19)

يَا مَنْ لَا يُرْجٰى اِلَّا فَضْلُهُ يَا مَنْ لَا يُسْئَلُ

اِلَّا عَفْوُهُ يَا مَنْ لَا يُنْظَرُ اِلَّا بِرُّهُ يَا مَنْ لَا

يُخَافُ اِلَّا عَدْلُهُ يَا مَنْ لَا يَدُوْمُ اِلَّا

مُلْكُهُ يَا مَنْ لَا سُلْطَانَ اِلَّا سُلْطَانُهُ يَا

مَنْ وَسِعَتْ كُلَّ شَيْءٍ رَحْمَتُهُ يَا مَنْ

سَبَقَتْ رَحْمَتُهُ غَضَبَهُ يَا مَنْ اَحَاطَ بِكُلِّ

شَيْءٍ عِلْمُهُ يَا مَن لَّيْسَ اَحَدٌ مِّثْلَهُ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ખુદા કે જેનાથી ફઝલ સિવાય કોઇ ઉમ્મીદ કરવામાં આવતી નથી, અય તે ખુદા કે જેનાથી બક્ષીશ સિવાય કોઇ સવાલ કરવામાં આવતો નથી, અય તે ખુદા કે જેની નેકી સિવાય કાંઈ જોઈ શકાતું નથી, અય તે ખુદા કે જેના ઇન્સાફ સિવાય ખૌફ કરી શકાતો નથી, અય તે ખુદા કે જેની બાદશાહી સિવાય કાંઈ હંમેશા રહી શકતું નથી, અય તે ખુદા કે જેની બાદશાહી સિવાય કોઇ બાદશાહી નથી, અય તે ખુદા કે જેની રહેમત દરેક ચીઝ પર ફેલાયેલી છે, અય તે ખુદા કે જેની રહેમત તેમના ગઝબ

ઉપર છવાયેલી છે, અય તે ખુદા કે જેના ઈલ્મે દરેક ચીઝને ઘેરી લીધી છે, અય તે ખુદા કે જેની સમાન કોઇ ચીઝ નથી, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(20)

يَا فَارِجَ الْهَمِّ يَا كَاشِفَ الْغَمِّ يَا غَافِرَ

الذَّنْبِ يَا قَابِلَ التَّوْبِ يَا خَالِقَ الْخَلْقِ

يَا صَادِقَ الْوَعْدِ يَا مُوْفِي الْعَهْدِ يَا عَالِمَ

السِّرِّ يَا فَالِقَ الْحَبِّ يَا رَازِقَ الْأَنَامِ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય રંજને દૂર કરનાર, અય ગમને દૂર કરનાર, અય ભૂલોને માફ કરનાર, અય તૌબા

કબૂલ કરનાર, અય ખલ્કતને પૈદા કરનાર, અય સાચા વાયદા કરનાર, અય વાયદાને વફા કરનાર, અય ભેદોને જાણનાર, અય દાણાઓને ફોડનાર, અય મખ્લુકને રિઝ્ક આપનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(21)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا عَلِيُّ يَا وَفِيُّ يَا

غَنِيُّ يَا مَلِيُّ يَا حَفِيُّ يَا رَضِيُّ يَا زَكِيُّ يَا

بَدِيُّ يَا قَوِيُّ يَا وَلِيُّ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا

اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય બુલંદ, અય વફા કરનાર, અય બેનિયાઝ, અય ગની, અય છુપી બાબતોને જાણનાર, અય પસંદીદાહ, અય નફસને પાક કરનાર, અય હંમેશા રહેનાર, અય

કુવ્વત રાખનાર, અય બહેતરીન દોસ્ત (હાકિમો માલિક), અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(22)

يَا مَنْ اَظْهَرَ الْجَمِيْلَ يَا مَنْ سَتَرَ الْقَبِيْحَ يَا

مَنْ لَمْ يُؤَاخِذْ بِالْجَرِيْرَةِ يَا مَنْ لَمْ يَهْتِكِ

السِّتْرِ يَا عَظِيْمَ الْعَفْوِ يَا حَسَنَ التَّجَاوُزِ

يَا وَاسِعَ الْمَغْفِرَةِ يَا بَاسِطَ الْيَدَيْنِ

بِالرَّحْمَةِ يَا صَاحِبَ كُلِّ نَجْوٰى يَا مُنْتَهٰى

كُلِّ شَكْوٰى سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે કે જે બંદાઓની ખૂબીઓને જાહેર કરે છે, અય તે કે જે બૂરાઈઓને છુપાવે છે, અય તે કે જે બંદાઓના ગુનાહ પર પૂછપરછ નથી કરતો, અય તે કે જે બંદાઓના રાઝ નથી

ખોલતો, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ દરગુઝર કરનાર, અય ખુબજ મગફેરત કરનાર, અય બંદાઓ પર બંને હાથ રહેમતથી ખોલનાર, અય તમામ ભેદ જાણનાર, અય દરેક શિકાયતના અંત, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(23)

يَا ذَا النِّعْمَةِ السَّابِغَةِ يَا ذَا الرَّحْمَةِ

الْوَاسِعَةِ يَا ذَا الْمِنَّةِ السَّابِقَةِ يَا ذَا

الْحِكْمَةِ الْبَالِغَةِ يَا ذَا الْقُدْرَةِ الْكَامِلَةِ يَا

ذَا الْحُجَّةِ الْقَاطِعَةِ يَا ذَا الْكَرَامَةِ

الظَّاهِرَةِ يَا ذَا الْعِزَّةِ الدَّائِمَةِ يَا ذَا الْقُوَّةِ

الْمَتِيْنَةِ يَا ذَا الْعَظَمَةِ الْمَنِيْعَةِ سُبْحَانَكَ

يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا

مِنَ النَّارِ يَا رَبِّ

અય અગણિત નેઅમતોના માલિક, અય વિશાળ રહેમતોના માલિક, અય અતિશય કરેલા અહેસાનના માલિક, અય મુકમ્મલ હિકમતોના માલિક, અય મુકમ્મલ કુદરતના માલિક, અય પાકી દલીલોના માલિક, અય જાહેર કરામતોના માલિક, અય હંમેશાની ઈઝ્ઝતના માલિક, અય સ્થિર કુવ્વતના માલિક, અય બુઝુર્ગી અને બુલંદીના માલિક, અય તે કે જેની સિવાય કોઇ

માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(24)

يَا بَدِيعَ السَّمَاوَاتِ يَا جَاعِلَ الظُّلُمَاتِ يَا رَاحِمَ الْعَبَرَاتِ يَا مُقِيلَ الْعَثَرَاتِ

يَا سَاتِرَ الْعَوْرَاتِ يَا مُحْيِيَ الْأَمْوَاتِ يَا

مُنْزِلَ الْاٰيَاتِ يَا مُضَعِّفَ الْحَسَنَاتِ يَا

مَاحِيَ السَّيِّئَاتِ يَا شَدِيْدَ النَّقِمَاتِ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય આસમાનોના પૈદા કરનાર, અય અંધકારને વજૂદમાં લાવનાર, અય ગીર્યાઓ બુકા ઉપર રહેમ કરનાર, અય ભૂલોને દરગુજર કરનાર,

અય બંદાઓના ઐબોને છુપાવનાર, અય મુર્દાઓને જીવિત કરનાર, અય નિશાનીઓ નાઝિલ કરનાર, અય નેકીઓમાં વધારો કરનાર, અય ગુનાહોને મિટાવનાર, અય સખ્ત પૂછપરછ કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(25)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا مُصَوِّرُ يَا

مُقَدِّرُ يَا مُدَبِّرُ يَا مُطَهِّرُ يَا مُنَوِّرُ يَا

مُيَسِّرُ يَا مُبَشِّرُ يَا مُنْذِرُ يَا مُقَدِّمُ يَا

مُؤَخِّرُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી

તારી પાસે સવાલ કરૂં છું, અય સૂરતો

બનાવનાર, અય તકદીરો બનાવનાર, અય

તદબીર કરનાર, અય પાકીઝા કરનાર, અય રોશન કરનાર, અય આસાન કરનાર, અય ખુશખબર આપનાર, અય ડરાવનાર, અય પહેલ કરનાર, અય ઢીલ કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(26)

يَا رَبَّ الْبَيْتِ الْحَرَامِ يَا رَبَّ الشَّهْرِ

الْحَرَامِ يَا رَبَّ الْبَلَدِ الْحَرَامِ يَا رَبَّ

الرُّكْنِ وَالْمَقَامِ يَا رَبَّ الْمَشْعَرِ الْحَرَامِ

يَا رَبَّ الْمَسْجِدِ الْحَرَامِ يَا رَبَّ الْحِلِّ

وَالْحَرَامِ يَا رَبَّ النُّوْرِ وَالظَّلَامِ يَا رَبَّ

التَّحِيَّةِ وَالسَّلَامِ يَا رَبَّ الْقُدْرَةِ فِي

الْأَنَامِ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય મોહતરમ ઘર (કાબા)ના પરવરદિગાર,

અય મોહતરમ મહિના (રમઝાન)ના

પરવરદિગાર, અય મોહતરમ શહેર (મક્કા)ના

પરવરદિગાર, અય રૂકન અને મકામના

પરવરદિગાર, અય મોહતરમ મશઅરના

પરવરદિગાર, અય મોહતરમ મસ્જિદના

પરવરદિગાર, અય મકામે હિલ અને હરમના

પરવરદિગાર, અય રોશની અને અંધકારના

પરવરદિગાર, અય દુરૂદ અને સલામના પરવરદિગાર, અય ખલ્કમાં કુદરત અને કુવ્વતના પરવરદિગાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(27)

يَا اَحْكَمَ الْحَاكِمِيْنَ يَا اَعْدَلَ الْعَادِلِيْنَ

يَا اَصْدَقَ الصَّادِقِيْنَ يَا اَطْهَرَ الطَّاهِرِيْنَ

يَا اَحْسَنَ الْخَالِقِيْنَ يَا اَسْرَعَ الْحَاسِبِيْنَ

يَا اَسْمَعَ السَّامِعِيْنَ يَا اَبْصَرَ النَّاظِرِيْنَ

يَا اَشْفَعَ الشَّافِعِيْنَ يَا اَكْرَمَ الْأَكْرَمِيْنَ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય હુકમ કરનારાઓમાં સર્વોત્તમ હુકમ કરનાર, અય ઇન્સાફ કરનારાઓમાં સર્વોત્તમ અદલ કરનાર, અય સાચું બોલનારાઓમાં સર્વોત્તમ સાચું બોલનાર, અય પાકમાં સર્વોત્તમ પાક, અય પેદા કરનારાઓમાં સર્વોત્તમ પેદા કરનાર, અય હિસાબ લેનારાઓમાં બહુજ જલ્દી હિસાબ લેનાર, અય સાંભળનારાઓમાં વધારે સાંભળનાર, અય જોનારાઓમાં સર્વોત્તમ જોનાર, અય શફાઅત કબૂલ કરનારાઓમાં સર્વોત્તમ શફાઅત કબૂલ કરનાર, અય બુઝુર્ગોમાં સર્વોત્તમ બુઝુર્ગ, અય તે કે જેની

સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(28)

يَا عِمَادَ مَنْ لَا عِمَادَ لَهُ يَا سَنَدَ مَنْ لَا سَنَدَ لَهُ يَا ذُخْرَ مَنْ لَا ذُخْرَ لَهُ يَا حِرْزَ مَنْ لَا حِرْزَ لَهُ يَا غِيَاثَ مَنْ لَا غِيَاثَ لَهُ

يَا فَخْرَ مَنْ لَا فَخْرَ لَهُ يَا عِزَّ مَنْ لَا عِزَّ لَهُ

يَا مُعِيْنَ مَنْ لَا مُعِيْنَ لَهُ يَا اَنِيْسَ مَنْ لَا

اَنِيْسَ لَهُ يَا اَمَانَ مَنْ لَا اَمَانَ لَهُ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તેઓને શક્તિ આપનાર જે શક્તિ નથી રાખતો, અય તેઓને સહારો આપનાર જે સહારો નથી રાખતો, અય તેઓ પર નિગાહ રાખનાર

જે નિગાહ નથી રાખતો, અય તેઓને પનાહ આપનાર જે પનાહ નથી રાખતો, અય તેની ફરિયાદે પહોંચનાર જે ફરિયાદે પહોંચનાર નથી રાખતો, અય તેની બુઝુર્ગી જે બુઝુર્ગી નથી રાખતો, અય તેની ઈઝ્ઝત જે ઈઝ્ઝત નથી રાખતો, અય તેના મદદગાર જે મદદગાર નથી રાખતો, અય તેના દોસ્ત જે દોસ્ત નથી રાખતો, અય તેને પનાહ આપનાર જે પનાહ નથી રાખતો, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને

જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(29)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا عَاصِمُ يَا قَآئِمُ يَا دَآئِمُ يَا رَاحِمُ يَا سَالِمُ يَا حَاكِمُ يَا عَالِمُ يَا قَاسِمُ يَا قَابِضُ يَا

بَاسِطُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય મહેફૂઝ રાખનાર, અય કાએમ રાખનાર, અય હંમેશા રહેનાર, અય રહેમ કરનાર, અય સલામતીવાળા, અય હાકિમ, અય જાણનાર, અય વહેંચનાર, અય કબ્જામાં લેનાર, અય ખોલનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ

કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(30)

يَا عَاصِمَ مَنِ اسْتَعْصَمَهُ يَا رَاحِمَ مَنِ
اسْتَرْحَمَهُ يَا غَافِرَ مَنِ اسْتَغْفَرَهُ يَا نَاصِرَ
مَنِ اسْتَنْصَرَهُ يَا حَافِظَ مَنِ اسْتَحْفَظَهُ يَا
مُكْرِمَ مَنِ اسْتَكْرَمَهُ يَا مُرْشِدَ مَنِ

اسْتَرْشَدَهُ يَا صَرِيْخَ مَنِ اسْتَصْرَخَهُ يَا

مُعِيْنَ مَنِ اسْتَعَانَهُ يَا مُغِيْثَ مَنِ

اسْتَغَاثَهُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય રક્ષણ ઇચ્છનારને રક્ષણ આપનાર, અય રહેમત ચાહનાર પર રહેમ કરનાર, અય ક્ષમાના યાચકને ક્ષમા આપનાર, અય સહાય માંગનારની સહાય કરનાર, અય હિફાઝત ઇચ્છનારની હિફાઝત કરનાર, અય મહેરબાની

માંગનાર પર મહેરબાની કરનાર, અય હિદાયત માંગનારની હિદાયત કરનાર, અય દાદ માંગનારને દાદ આપનાર, અય મદદ ચાહનારની મદદ કરનાર, અય ફરિયાદ કરનારની ફરિયાદે પહોંચનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે.

અય પાલનહાર.

(31)

يَا عَزِيزًا لَّا يُضَامُ يَا لَطِيفًا لَّا يُرَامُ يَا

قَيُّومًا لَّا يَنَامُ يَا دَائِمًا لَّا يَفُوتُ يَا حَيًّا لَّا

يَمُوتُ يَا مَلِكًا لَّا يَزُوْلُ يَا بَاقِيًا لَّا يَفْنٰى يَا

عَالِمًا لَّا يَجْهَلُ يَا صَمَدًا لَّا يُطْعَمُ يَا قَوِيًّا

لَا يَضْعُفُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે જબરદસ્ત કે જે હારતો નથી થતો, અય તે લતીફ કે જને જોઈ નથી શકાતો, અય તે

તવાના કે જે સૂતો નથી, અય તે હંમેશા રહેનાર કે જે ફના નથી થતો, અય તે જીવંત કે જેને મૌત નથી, અય તે બાદશાહ કે જેની સલ્તનતને ઝવાલ નથી, અય તે બાકી રહેનાર જે ફના નથી થતો, અય તે આલીમ કે જે ભૂલતો નથી, અય તે બેનિયાઝ કે જે ખાતો નથી, અય તે કવી કે જે ઝઈફ નથી થતો, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(32)

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْئَلُكَ بِاسْمِكَ يَا اَحَدُ يَا
وَاحِدُ يَا شَاهِدُ يَا مَاجِدُ يَا حَامِدُ يَا
رَاشِدُ يَا بَاعِثُ يَا وَارِثُ يَا ضَارُّ يَا نَافِعُ
سُبْحَانَكَ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ الْغَوْثَ
الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય એકલા, અય વાહિદ, અય હાઝિર, અય તારીફના સાહેબ, અય બુઝુર્ગ, અય રસ્તો બતાડનાર, અય ઉઠાવનાર, અય વારિસ, અય નુકસાન પહોંચાડનાર, અય નફો પહોંચાડનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(33)

يَا اَعْظَمَ مِنْ كُلِّ عَظِيْمٍ يَّا اَكْرَمَ مِنْ كُلِّ
كَرِيْمٍ يَا اَرْحَمَ مِنْ كُلِّ رَحِيْمٍ يَا اَعْلَمَ
مِنْ كُلِّ عَلِيْمٍ يَا اَحْكَمَ مِنْ كُلِّ حَكِيْمٍ يَا
اَقْدَمَ مِنْ كُلِّ قَدِيْمٍ يَا اَكْبَرَ مِنْ كُلِّ
كَبِيْرٍ يَا اَلْطَفَ مِنْ كُلِّ لَطِيْفٍ يَا اَجَلَّ مِنْ
كُلِّ جَلِيْلٍ يَا اَعَزَّ مِنْ كُلِّ عَزِيْزٍ

سُبۡحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنۡتَ الۡغَوۡثَ

الۡغَوۡثَ خَلِّصۡنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તમામ બુઝુર્ગોમાં બુઝુર્ગતર, અય તમામ મહેરબાનોમાં મહેરબાનતર, અય તમામ રહેમ કરનારાઓથી વધારે રહેમ કરનાર, અય તમામ જાણવાવાળાઓથી વધારે જાણનાર, અય તમામ હકીમોથી વધારે હિકમતવાળા, અય તમામ કદીમોથી કદીમતર, અય દરેક બુઝુર્ગોથી વધારે બુઝુર્ગો બરતર, અય તમામ પાકીઝાઓથી વધારે પાકીઝા, અય દરેક

બુઝુર્ગોમાં વધારે બુઝુર્ગતર, અય તમામ અઝીઝોથી વધારે અઝીઝ, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(34)

يَا كَرِيْمَ الصَّفْحِ يَا عَظِيْمَ الْمَنِّ يَا كَثِيْرَ الْخَيْرِ يَا قَدِيْمَ الْفَضْلِ يَا دَآئِمَ اللُّطْفِ

يَا لَطِيْفَ الصُّنْعِ يَا مُنَفِّسَ الْكَرْبِ يَا

كَاشِفَ الضُّرِّ يَا مَالِكَ الْمُلْكِ يَا قَاضِيَ

الْحَقِّ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય ગુનાહોને દરગુઝર કરનાર, અય મહાન એહસાન કરનાર, અય ખુબજ ખૈરવાળા, અય હંમેશાથી ફઝ્લ કરનાર, અય હંમેશાથી લુત્ફ કરનાર, અય લુત્ફની સાથે પૈદા કરનાર, અય રંજને દૂર કરનાર, અય નુકસાન દૂર કરનાર,

અય મુલ્કના માલિક, અય હકથી ફેંસલો કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(35)

يَا مَنْ هُوَ فِيْ عَهْدِهٖ وَفِيٌّ يَا مَنْ هُوَ فِيْ وَفَآئِهٖ

قَوِيٌّ يَّا مَنْ هُوَ فِيْ قُوَّتِهٖ عَلِيٌّ يَا مَنْ هُوَ فِيْ

عُلُوِّهٖ قَرِيْبٌ يَا مَنْ هُوَ فِيْ قُرْبِهٖ لَطِيْفٌ يَا

مَنْ هُوَ فِيْ لُطْفِهٖ شَرِيْفٌ يَا مَنْ هُوَ فِيْ

شَرَفِهٖ عَزِيْزٌ يَا مَنْ هُوَ فِيْ عِزِّهٖ عَظِيْمٌ يَا

مَنْ هُوَ فِيْ عَظَمَتِهٖ مَجِيْدٌ يَا مَنْ هُوَ فِيْ

مَجْدِهٖ حَمِيْدٌ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ اَلْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ખુદા કે જે પોતાના વાયદામાં કામિલ
છે, અય તે ખુદા કે જે પોતાની તવાનાઈમાં

બરતર છે, અય તે ખુદા કે જે પોતાની કુવ્વતમાં બુઝુર્ગ છે, અય તે ખુદા કે જે પોતાની બરતરીમાં સૌથી કરીબ છે, અય તે ખુદા કે જે પોતાની કરીબમાં લતીફ છે, અય તે ખુદા કે જે પોતાના લુત્ફમાં શરીફ છે, અય તે ખુદા કે જે પોતાની બુઝુર્ગીમાં અઝીઝ છે, અય તે ખુદા કે જે પોતાની કુવ્વતમાં બુઝુર્ગ છે, અય તે ખુદા કે જે પોતાની અઝમતમાં બુઝુર્ગ છે, અય તે ખુદા કે જેની બુઝુર્ગીમાં હમ્દ કરવામાં આવી છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને

પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત
આપી દે. અય પાલનહાર.

(36)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا كَافِيْ يَا
شَافِيْ يَا وَافِيْ يَا مُعَافِيْ يَا هَادِيْ يَا دَاعِيْ يَا
قَاضِيْ يَا رَاضِيْ يَا عَالِيْ يَا بَاقِيْ سُبْحَانَكَ

يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય કાફી, અય શફા આપનાર, અય વફાદાર, અય ક્ષમાશીલ, અય હાદી, અય બોલાવનાર, અય ફૈંસલો કરનાર, અય રાજી કરનાર, અય બુલંદ, અય બાકી, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને

પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(37)

يَا مَنْ كُلُّ شَيْءٍ خَاضِعٌ لَهُ يَا مَن كُلُّ شَيْءٍ خَاشِعٌ لَهُ يَا مَنْ كُلُّ شَيْءٍ كَآئِنٌ لَهُ يَا مَنْ كُلُّ شَيْءٍ مَّوْجُوْدٌ بِهِ يَا مَنْ كُلُّ شَيْءٍ مُّنِيْبٌ اِلَيْهِ يَا مَنْ كُلُّ شَيْءٍ خَآئِفٌ

مِّنْهُ يَا مَنْ كُلُّ شَيْءٍ قَآئِمٌ بِهِ يَا مَنْ كُلُّ

شَيْءٍ صَآئِرٌ اِلَيْهِ يَا مَنْ كُلُّ شَيْءٍ يُّسَبِّحُ

بِحَمْدِهِ يَا مَنْ كُلُّ شَيْءٍ هَالِكٌ اِلَّا وَجْهَهُ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ખુદા કે જેની માટે તમામ ચીઝ નમ્ર છે,

અય તે ખુદા કે જેનાથી તમામ ચીઝ ડરે છે,

અય તે ખુદા કે જેના માટે તમામ ચીઝ સાબિત

છે, અય તે ખુદા કે જેના માટે તમામ ચીઝ મૌજૂદ છે, અય તે ખુદા કે જેની તરફ તમામ ચીઝ પરત થનારી છે, અય તે ખુદા કે જેનાથી તમામ ચીઝ ડરે છે, અય તે ખુદા કે જેનાથી તમામ ચીઝ કાયમ છે, અય તે ખુદા કે જેની તરફ તમામ ચીઝ પરત ફરનારી છે, અય તે ખુદા કે જેની હમ્દોસનાની સાથે તમામ ચીઝ તસ્બીહ કરે છે, અય તે ખુદા કે જેની ઝાત સિવાય તમામ ચીઝ હલાક થનારી છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને

પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(38)

يَا مَنْ لَا مَفَرَّ اِلَّا اِلَيْهِ يَا مَنْ لَا مَفْزَعَ اِلَّا

اِلَيْهِ يَا مَنْ لَا مَقْصَدَ اِلَّا اِلَيْهِ يَا مَنْ لَا

مَنْجٰى مِنْهُ اِلَّا اِلَيْهِ يَا مَنْ لَا يُرْغَبُ اِلَّا

اِلَيْهِ يَا مَنْ لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِهٖ يَا مَنْ

لَا يُسْتَعَانُ اِلَّا بِهٖ يَا مَنْ لَا يُتَوَكَّلُ اِلَّا

عَلَيْهِ يَا مَنْ لَا يُرْجٰى اِلَّا هُوَ يَا مَنْ لَا

يُعْبَدُ اِلَّا هُوَ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ اَلْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે કે જેની સિવાય કોઇ તરફ ભાગી શકાતું નથી, અય તે કે જેની સિવાય કોઇ તરફ પનાહગાહ નથી, અય તે કે જેની સિવાય કોઇ તરફ રાહે રાસ્ત (મકસદ) નથી, અય તે કે જેની સિવાય કોઇ તરફ ભાગીને પનાહગાહ નથી,

અય તે કે જેની સિવાય કોઇ તરફ રગબત કરાતી નથી, અય તે કે જેની સિવાય કોઇમાં કુવ્વત અને તવાનાઈ નથી, અય તે કે જેની સિવાય કોઇથી મદદ માંગતા નથી, અય તે કે જેની સિવાય કોઇ પર ભરોસો કરવામાં આવતો નથી, અય તે કે જેની સિવાય કોઇથી ઉમ્મીદ રખાતી નથી, અય તે કે જેની સિવાય કોઇની ઈબાદત કરવામાં આવતી નથી, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને

પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(39)

يَا خَيْرَ الْمَرْهُوْبِيْنَ يَا خَيْرَ الْمَرْغُوْبِيْنَ
يَا خَيْرَ الْمَطْلُوْبِيْنَ يَا خَيْرَ الْمَسْؤُوْلِيْنَ يَا
خَيْرَ الْمَقْصُوْدِيْنَ يَا خَيْرَ الْمَذْكُوْرِيْنَ يَا
خَيْرَ الْمَشْكُوْرِيْنَ يَا خَيْرَ الْمَحْبُوْبِيْنَ يَا

خَيْرَ الْمَدْعُوِّيْنَ يَا خَيْرَ الْمُسْتَأْنِسِيْنَ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તેઓમાં બહેતરીન કે જેઓથી ખૌફ કરવામાં આવે છે, અય તેઓમાં બહેતરીન કે જેઓની તરફ રગબત કરવામાં આવે છે, અય તેઓમાં બહેતરીન કે જેઓથી તલબ કરવામાં આવે છે, અય તેઓમાં બહેતરીન કે જેઓથી સવાલ કરવામાં આવે છે, અય તેઓમાં

બહેતરીન કે જેઓથી કસદ કરવામાં આવે છે, અય તેઓમાં બહેતરીન કે જેઓનો ઝિક્ર કરવામાં આવે છે, અય તેઓમાં બહેતરીન કે જેઓનો શુક્ર કરવામાં આવે છે, અય તેઓમાં બહેતરીન કે જેઓથી મોહબ્બત કરવામાં આવે છે, અય તેઓમાં બહેતરીન કે જેઓને પુકારવામાં આવે છે, અય તેઓમાં બહેતરીન કે જેઓથી ઉન્સો મોહબ્બત કરવામાં આવે છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની

ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(40)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا غَافِرُ يَا سَاتِرُ يَا قَادِرُ يَا قَاهِرُ يَا فَاطِرُ يَا كَاسِرُ يَا جَابِرُ يَا ذَاكِرُ يَا نَاظِرُ يَا نَاصِرُ سُبْحَانَكَ

يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا

مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય બક્ષનાર, અય છુપાવનાર, અય કહેરના સાહેબ, અય પૈદા કરનાર, અય તોડનાર, અય જોડનાર, અય ઝિક્ર કરનાર, અય જોનાર, અય મદદ કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને

પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(41)

يَا مَنْ خَلَقَ فَسَوّٰى يَا مَنْ قَدَّرَ فَهَدٰى يَا مَنْ يَّكْشِفُ الْبَلْوٰى يَا مَنْ يَّسْمَعُ النَّجْوٰى يَا مَنْ يُّنْقِذُ الْغَرْقٰى يَا مَنْ يُّنْجِي الْهَلْكٰى يَا مَنْ يَّشْفِي الْمَرْضٰى يَا

مَنْ اَضْحَكَ وَاَبْكٰى يَا مَنْ اَمَاتَ وَاَحْيَا

يَا مَنْ خَلَقَ الزَّوْجَيْنِ الذَّكَرَ وَالْاُنْثٰى

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે કે જેણે પૈદા કર્યા અને મૌજૂદ બનાવ્યા, અય તે ખુદા કે મુકર્રર કર્યા અને હિદાયત કરી, અય તે કે જે પોતાના બંદાઓથી બલાઓને દૂર કરે છે, અય તે કે જે તમામના ભેદોને સાંભળે છે, અય તે ખુદા કે જે ડૂબતાઓને પાર લાવે છે,

અય તે ખુદા કે જે બીમારોને બચાવે છે, અય તે ખુદા કે જે બીમારોને સેહત આપે છે, અય તે ખુદા કે જે હંસાવે છે અને રડાવે છે, અય તે ખુદા કે જે મારે છે અને જીવાડે છે, અય તે ખુદા કે જે મર્દ અને ઔરતના જોડાને પૈદા કરે છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(42)

يَا مَنْ فِي الْبَرِّ وَالْبَحْرِ سَبِيْلُهُ يَا مَنْ فِي

الْاٰفَاقِ اٰيَاتُهُ يَا مَنْ فِي الْاٰيَاتِ بُرْهَانُهُ

يَا مَنْ فِي الْمَمَاتِ قُدْرَتُهُ يَا مَنْ فِي الْقُبُوْرِ

عِبْرَتُهُ يَا مَنْ فِي الْقِيَامَةِ مُلْكُهُ يَا مَنْ فِي

الْحِسَابِ هَيْبَتُهُ يَا مَنْ فِي الْمِيْزَانِ

قَضَاؤُهُ يَا مَنْ فِي الْجَنَّةِ ثَوَابُهُ يَا مَنْ فِي

النَّارِ عِقَابُهُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ખુદા કે ખુશ્કી અને તરીમાં જેનો રસ્તો છે, અય તે ખુદા કે ઝમાનામાં જેની નિશાનીઓ છે, અય તે ખુદા કે જેની નિશાનીઓમાં રોશન દલીલ છે, અય તે ખુદા કે મૌતમાં જેની કુદરત છે, અય તે ખુદા કે કબ્રોમાં જેનો ખૌફ છે, અય તે ખુદા કે જે કયામતના દિવસનો માલિક છે, અય તે ખુદા કે હિસાબમાં જેની હૈબત છે, અય તે ખુદા કે તરાઝુમાં જેનું ફરમાન છે, અય તે

ખુદા કે જન્નતમાં જેનો સવાબ છે, અય તે ખુદા કે દોઝખમાં જેનો અઝાબ છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(43)

يَا مَنْ اِلَيْهِ يَهْرَبُ الْخَائِفُوْنَ يَا مَنْ اِلَيْهِ يَفْزَعُ الْمُذْنِبُوْنَ يَا مَنْ اِلَيْهِ يَقْصِدُ

الْمُنِيْبُوْنَ يَا مَنْ اِلَيْهِ يَرْغَبُ الزَّاهِدُوْنَ

يَا مَنْ اِلَيْهِ يَلْجَأُ الْمُتَحَيِّرُوْنَ يَا مَنْ بِهِ

يَسْتَأْنِسُ الْمُرِيْدُوْنَ يَا مَنْ بِهِ يَفْتَخِرُ

الْمُحِبُّوْنَ يَا مَنْ فِيْ عَفْوِهِ يَطْمَعُ

الْخَاطِئُوْنَ يَا مَنْ اِلَيْهِ يَسْكُنُ الْمُوْقِنُوْنَ

يَا مَنْ عَلَيْهِ يَتَوَكَّلُ الْمُتَوَكِّلُوْنَ سُبْحَانَكَ

يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا

مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ખુદા કે જેની તરફ ડરનારાઓ ભાગે છે, અય તે ખુદા કે ગુનેહગારો જેની પનાહ લે છે, અય તે ખુદા કે તૌબા કરનારા જેની તરફ કસદ કરે છે, અય તે ખુદા કે પરહેઝગાર જેની રગબત કરે છે, અય તે ખુદા કે હેરાનશુદા જેની તરફ પનાહ લે છે, અય તે ખુદા કે ઈરાદો કરનાર જેનાથી અન્સ હાંસિલ કરે છે, અય તે ખુદા કે મોહબ્બત કરનારા જેનાથી ફખ્ર કરે છે,

અય તે ખુદા કે ખતાકાર જેની બક્ષીશ રાખે છે, અય તે ખુદા કે યકીન રાખનારા જેનાથી સુકુન મેળવે છે, અય તે ખુદા કે તવક્કલ કરનારા જેની પર તવક્કલ કરે છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(44)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا حَبِيْبُ يَا

طَبِيْبُ يَا قَرِيْبُ يَا رَقِيْبُ يَا حَسِيْبُ يَا

مُهِيْبُ يَا مُثِيْبُ يَا مُجِيْبُ يَا خَبِيْرُ يَا

بَصِيْرُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય દોસ્ત, અય દવા કરનાર, અય નઝદીક, અય નિગેહબાન, અય

હિસાબ લેનાર, અય ડરાવનાર, અય મકસદ આપનાર, અય કબૂલ કરનાર, અય ખબરદાર, અય જોનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(45)

يَا اَقْرَبَ مِنْ كُلِّ قَرِيْبٍ يَا اَحَبَّ مِنْ كُلِّ

حَبِيْبٍ يَا اَبْصَرَ مِنْ كُلِّ بَصِيْرٍ يَا اَخْبَرَ

مِنْ كُلِّ خَبِيْرٍ يَا اَشْرَفَ مِنْ كُلِّ شَرِيْفٍ يَا

اَرْفَعَ مِنْ كُلِّ رَفِيْعٍ يَا اَقْوٰى مِنْ كُلِّ قَوِيٍّ

يَا اَغْنٰى مِنْ كُلِّ غَنِيٍّ يَا اَجْوَدَ مِنْ كُلِّ جَوَادٍ

يَا اَرْاَفَ مِنْ كُلِّ رَؤُوْفٍ سُبْحَانَكَ يَا لَا

اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તમામ નઝદીકોથી વધારે નઝદીક, અય તમામ દોસ્તોથી વધારે દોસ્ત, અય તમામ જોનારાઓથી વધારે જોનાર, અય તમામ ખબરદારોથી વધારે ખબરદાર, અય તમામ બુઝુર્ગોથી વધારે બુઝુર્ગ, અય તમામ બુલંદોથી વધારે બુલંદ મરતબાવાળા, અય તમામ શક્તિશાળીઓથી વધારે શક્તિશાળી, અય તમામ તવંગરોથી વધારે ગની, અય તમામ

સખીઓથી વધારે સખી, અય તમામ મહેરબાનોથી વધારે મહેરબાન, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(46)

يَا غَالِباً غَيْرَ مَغْلُوْبٍ يَا صَانِعاً غَيْرَ مَصْنُوْعٍ

يَا خَالِقاً غَيْرَ مَخْلُوْقٍ يَا مَالِكاً غَيْرَ مَمْلُوْكٍ

يَا قَاهِراً غَيْرَ مَقْهُورٍ يَا رَافِعاً غَيْرَ مَرْفُوعٍ يَا

حَافِظاً غَيْرَ مَحْفُوظٍ يَا نَاصِراً غَيْرَ مَنْصُورٍ

يَا شَاهِداً غَيْرَ غَائِبٍ يَا قَرِيْباً غَيْرَ بَعِيْدٍ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ

خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ગાલિબ કે જે હારતો નથી, અય તે સાનેઅ કે જેને કોઈએ બનાવ્યો નથી, અય તે ખાલિક કે જેને કોઈએ પૈદા નથી કર્યો, અય તે બાદશાહ કે જેની પર કોઇ હુકૂમત નથી, અય તે

કાહેર કે જે મકહુર નથી થતો, અય તે બુલંદ કે જે પસ્ત નથી થતો, અય તે નિગેહબાન કે જે હિફ્રાઝતનો મોહતાજ નથી, અય મદદગાર કે જે મદદનો મોહતાજ નથી, અય તે જાહેર કે જે ગાએબ નથી થતો, અય તે નઝદીક કે જે દૂર નથી થતો, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(47)

يَا نُورَ النُّورِ يَا مُنَوِّرَ النُّورِ يَا خَالِقَ النُّورِ

يَا مُدَبِّرَ النُّورِ يَا مُقَدِّرَ النُّورِ يَا نُورَ كُلِّ

نُورٍ يَا نُوراً قَبْلَ كُلِّ نُورٍ يَا نُوراً بَعْدَ كُلِّ

نُورٍ يَا نُوراً فَوْقَ كُلِّ نُورٍ يَا نُوراً لَيْسَ

كَمِثْلِهِ نُورٌ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ اَلْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય નૂરના નૂર, અય તમામ નૂરને રોશન

કરનાર, અય નૂરને પૈદા કરનાર, અય નૂરની

તદબીર કરનાર, અય નૂરની તકદીર કરનાર, અય દરેક નૂરના નૂર, અય તે નૂર કે જે દરેક નૂરની પહેલાથી છે, અય તે નૂર કે જે દરેક નૂર પછી રહેશે, અય તે નૂર કે જે દરેક નૂરથી બરતર છે, અય તે નૂર કે જેની સમાન બીજું કોઇ નૂર નથી, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(48)

يَا مَنْ عَطَآئُهُ شَرِيْفٌ يَا مَن فِعْلُهُ لَطِيْفٌ

يَا مَن لُّطْفُهُ مُقِيْمٌ يَا مَنْ اِحْسَانُهُ

قَدِيْمٌ يَا مَنْ قَوْلُهُ حَقٌّ يَا مَنْ وَعْدُهُ

صِدْقٌ يَا مَنْ عَفْوُهُ فَضْلٌ يَا مَنْ عَذَابُهُ

عَدْلٌ يَا مَنْ ذِكْرُهُ حُلْوٌ يَا مَنْ فَضْلُهُ

عَمِيْمٌ سُبْحَانَكَ يَا لَآ اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ખુદા કે જેની બક્ષીશ બુઝુર્ગ છે, અય તે ખુદા કે જેનો ફેઅલ લતીફ છે, અય તે ખુદા કે જેની મહેરબાની હંમેશા છે, અય તે ખુદા કે જેનો એહસાન હંમેશા છે, અય તે ખુદા કે જેનો કૌલ હક છે, અય તે ખુદા કે જેનો વાયદો સાચો છે, અય તે ખુદા કે જેની માફી ફઝ્લ છે, અય તે ખુદા કે જેનો અઝાબ ઇન્સાફ છે, અય તે ખુદા કે જેની યાદ શીરીન છે, અય તે ખુદા કે જેનો ફઝ્લ દરેક માટે છે, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો,

અમને જહન્નમની આગથી નજાત આપી દે.

અય પાલનહાર.

(49)

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِاسْمِكَ يَا مُسَهِّلُ يَا

مُفَصِّلُ يَا مُبَدِّلُ يَا مُذَلِّلُ يَا مُنَزِّلُ يَا

مُنَوِّلُ يَا مُفْضِلُ يَا مُجْزِلُ يَا مُمْهِلُ يَا

مُجْمِلُ سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ اَلْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય આસાન કરનાર, અય અલગ કરનાર, અય બદલનાર, અય હલ્કો કરનાર, અય ઉતારનાર, અય એહસાન કરનાર, અય ફઝ્લ કરનાર, અય એહસાન કરનાર, અય મોહલત આપનાર, અય નેકી કરનાર, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને

પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત
આપી દે. અય પાલનહાર.

(50)

يَا مَنْ يَّرٰى وَلَا يُرٰى يَا مَنْ يَّخْلُقُ وَلَا
يُخْلَقُ يَا مَنْ يَّهْدِيْ وَلَا يُهْدٰى يَا مَنْ
يُّحْيِيْ وَلَا يُحْيٰى يَا مَنْ يَّسْئَلُ وَلَا يُسْئَلُ
يَا مَنْ يُّطْعِمُ وَلَا يُطْعَمُ يَا مَنْ يُّجِيْرُ وَلَا
يُجَارُ عَلَيْهِ يَا مَنْ يَّقْضِيْ وَلَا يُقْضٰى عَلَيْهِ

يَا مَنْ يَّحْكُمُ وَلَا يُحْكَمُ عَلَيْهِ يَا مَنْ لَمْ

يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهُ كُفُواً اَحَدٌ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ

خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય તે ખુદા કે જે જોવે છે અને તેને જોવામાં નથી આવતો, અય તે ખુદા કે જે પૈદા કરે છે અને તેને કોઇએ પૈદા નથી કર્યો, અય તે ખુદા કે જે હિદાયત કરે છે અને કોઇએ તેને હિદાયત નથી કરી, અય તે ખુદા કે જે જીવિત કરે છે

અને તેને કોઇએ જીવિત નથી કર્યો, અય તે ખુદા કે જે લોકોને પૂછપરછ કરે છે અને કોઇ તેને પૂછપરછ નથી કરતો, અય તે ખુદા કે જે રિઝ્ક આપે છે અને ખુદ નથી ખાતો, અય તે ખુદા કે જે પનાહ આપે છે અને કોઈની પનાહ નથી લેતો, અય તે ખુદા કે જે ફેંસલો કરે છે અને તેની પર કોઇ હુકમરાન નથી, અય તે ખુદા કે જે હાકિમ છે અને તેનો કોઇ હાકિમ નથી, અય તે ખુદા કે જેણે ન કોઈને જન્મ આપ્યો છે અને ન તેને કોઇએ જન્મ આપ્યો છે તેમજ ન કોઇ તેની સમાન છે, અય તે કે જેની

સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(51)

يَا نِعْمَ الْحَسِيْبُ يَا نِعْمَ الطَّبِيْبُ يَا نِعْمَ

الرَّقِيْبُ يَا نِعْمَ الْقَرِيْبُ يَا نِعْمَ الْمُجِيْبُ

يَا نِعْمَ الْحَبِيْبُ يَا نِعْمَ الْكَفِيْلُ يَا نِعْمَ

الْوَكِيْلُ يَا نِعْمَ الْمَوْلٰى يَا نِعْمَ النَّصِيْرُ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ

خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય બહેતરીન હિસાબ કરનાર, અય બહેતરીન દવા કરનાર, અય બહેતરીન વાકેફગાર, અય બહેતરીન અઝીઝો કરીબ, અય બહેતરીન કબૂલ કરનાર, અય બહેતરીન દોસ્ત, અય બહેતરીન ઝામીન, અય બહેતરીન વકાલત કરનાર, અય બહેતરીન માલિક, અય બહેતરીન મદદગાર,

અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(52)

يَا سُرُوْرَ الْعَارِفِيْنَ يَا مُنَى الْمُحِبِّيْنَ يَا اَنِيْسَ الْمُرِيْدِيْنَ يَا حَبِيْبَ التَّوَّابِيْنَ يَا رَازِقَ الْمُقِلِّيْنَ يَا رَجَآءَ الْمُذْنِبِيْنَ يَا

قُرَّةَ عَيْنِ الْعَابِدِيْنَ يَا مُنَفِّسَ عَنِ

الْمَكْرُوْبِيْنَ يَا مُفَرِّجَ عَنِ الْمَغْمُوْمِيْنَ يَا

اِلٰهَ الْأَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ سُبْحَانَكَ يَا لَا

اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ الْغَوْثَ خَلِّصْنَا مِنَ

النَّارِ يَا رَبِّ

અય આરીફોની ખુશી, અય દોસ્તોની આરઝૂ, અય તલબગારોના રફીક, અય તૌબા કરનારાઓના દોસ્ત, અય ફકીરોના રાઝિક, અય

ગુનેહગારોની ઉમ્મીદગાહ, અય ઈબાદત કરનારાઓની આંખોની ઠંડક, અય ગમઝદાઓની સખ્તી દૂર કરનાર, અય ગમગીનોને ખુશી અતા કરનાર, અય પહેલા અને પછીનાઓના મહેરબાન ખુદા, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(53)

اَللّٰهُمَّ اِنِّيْۤ اَسْـَٔلُكَ بِاسْمِكَ يَا رَبَّنَا يَا

اِلٰهَنَا يَا سَيِّدَنَا يَا مَوْلَانَا يَا نَاصِرَنَا يَا

حَافِظَنَا يَا دَلِيْلَنَا يَا مُعِيْنَنَا يَا حَبِيْبَنَا يَا

طَبِيْبَنَا سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ

اَلْغَوْثَ اَلْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય અલ્લાહ! બેશક હું તારા નામોના વાસ્તાથી તારી પાસે સવાલ કરૂં છું, અય અમારા રબ, અય અમારા ખુદા, અય અમારા સરદાર, અય

અમારા માલિક, અય અમારા મદદગાર, અય અમારા નિગેહબાન, અય અમારા રહનુમા, અય અમારા સહાયક, અય અમારા દોસ્ત, અય અમારા તબીબ, અય તે કે જેની સિવાય કોઇ માઅબુદ નથી, તું પાકો પાકીઝા છો, ફરિયાદ કરનારાઓની ફરિયાદને પહોંચો છો, અમને જહન્નમની આગથી નજાત આપી દે. અય પાલનહાર.

(54)

يَا رَبَّ النَّبِيِّيْنَ وَالْأَبْرَارِ يَا رَبَّ

الصِّدِّيْقِيْنَ وَالْأَخْيَارِ يَا رَبَّ الْجَنَّةِ

وَالنَّارِ يَا رَبَّ الصِّغَارِ وَالْكِبَارِ يَا رَبَّ

الْحُبُوْبِ وَالثِّمَارِ يَا رَبَّ الْأَنْهَارِ

وَالْأَشْجَارِ يَا رَبَّ الصَّحَارِيْ وَالْقِفَارِ يَا

رَبَّ الْبَرَارِيْ وَالْبِحَارِ يَا رَبَّ اللَّيْلِ

وَالنَّهَارِ يَا رَبَّ الْإِعْلَانِ وَالْأَسْرَارِ

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَوْثَ

الْغَوْثَ خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

અય પયગંબરો અને નેકુકારોના પરવરદિગાર, અય સાચા અને ચૂંટેલા લોકોના પરવરદિગાર, અય જન્નત અને દોઝખના પરવરદિગાર, અય નાના અને મોટાઓના પરવરદિગાર, અય દાણા અને મેવાના પરવરદિગાર, અય નહેરો અને દરખ્તોના પરવરદિગાર, અય જંગલો અને રણોના પરવરદિગાર, અય ખુશ્કીયો અને દરિયાઓના પરવરદિગાર, અય રાત અને

